GJBK160025472022

| | | |
|---|---|---|
| આંક | – | ૪૩ |
| રજુ.તા. | – | ૧૮–૧૦–૨૦૨૨ |
| દાખલ તા. | – | ૧૮–૧૦–૨૦૨૨ |
| ફેસલ તા. | – | ૧૦–૧૦–૨૦૨૫ |
| અવધી | – | **૦૨** વર્ષ, **૧૧** માસ, **૨૨** દિવસ |

**_શિહોરીના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં, મુ.શિહોરી_**

**ફોજદારી કેસ.નંબરઃ૨૩૪૩/૨૦૨૨**

| | |
|---|---|
| શ્રી સરકાર | .....ફરીયાદી. |
| *વિરૂધ્ધ* | |
| (૧) સવાજી ઉમાજી ઠાકોર(મકવાણા),<br>ઉ.વ.આ.૨૫, ધંધો–ખેતી,<br>(૨) સરતાનજી ભેમાજી ઠાકોર(મકવાણા),<br>ઉ.વ.આ.૩૮, ધંધો– ખેતી,<br>(૩) ઉમાજી ભેમાજી ઠાકોર(મકવાણા),<br>ઉ.વ.આ.૪૮, ધંધો–ખેતી,<br>(૪) સોહનજી ઉર્ફે જવાનજી રઘુજી ઠાકોર(મકવાણા),<br>ઉ.વ.આ.૨૦, ધંધો–ખેતી<br>રહે.મંગળપુરા સીમ, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા | .....આરોપીઓ. |

| | |
|---|---|
| **ગુનોઃ–** | **_ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪_** |

| | | |
|---|---|---|
| શ્રી સરકાર તરફે ઈ.ચા. વિ.એ.પી.પી | – | એ.જે.ઠાકોર |
| આરોપીઓ તરફે વિ.વશ્રી– | – | ડી.કે.ડાભી/વી.પી.પરમાર |

**_:: ઠ રા વ ::_**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૮–૦૫–૨૦૨૨ના રોજ કલાક ૧૦–૦૦ વાગ્યાના સુમારે મોજે વડા, કહરેચા સીમમાં ફરીયાદીને કહેલ કે, તમારો દિકરો ઈશ્વરજી અમારી દિકરી કોમલબેન સાથે આડો સબંધ રાખે છે તેમ કહી ઉશ્કેરાઈ જઈ તેના હાથમાની લાકડી સાહેદ ભરતજીને મોઢાના ભાગે ડાબી આંખના ડોઘાના ભાગે મારી ફ્રેકચર કરી તથા આરોપી

નં.૨નાએ તેના હાથમાની લાકડી સાહેદ શારદાબેનને ડાબા હાથ ઉપર મારી ફ્રેકચર કરી તથા આરોપી નં.૩ તથા ૪નાએ સાહેદ ભરતજી તથા શારદાબેનને આડેધડ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કર્યા અંગેની ફરીયાદ થરા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૧૯૫૦૫૧૨૨૦૩૦૮/૨૦૨૨થી ઈ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબ આરોપીઓ સામે નોંધાયેલ. જે બાદ તપાસ કરનાર અધિકારીએ તપાસ પુર્ણ કરી સદર ગુનાનુ આરોપીઓ સામેનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં રજુ કરેલ.

**(૨)** આ કામે આરોપીઓને સમન્સ કરતાં, આરોપીઓ હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક-૦૬ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી, આરોપીઓને આંક-૦૭ થી આંક-૧૦ હેઠળ પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**(૩)** આ કામે ઉપરોક્ત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| **ફરીયાદ પક્ષનો મૌખીક પુરાવો** | | |
|---|---|---|
| **ક્રમ નં.** | **આંક** | **વિગત** |
| (૧) | ૧૨ | ફરીયાદી- શોભાજી નાગજીજી ઠાકોરની જુબાની |
| (૨) | ૧૪ | સાહેદ- શારદાબેન શોભાજી ઠાકોરની જુબાની |
| (૩) | ૨૧ | સાહેદ- પાયલબેન વા.ઓ. ભરતજી શોભાજી ઠાકોરની જુબાની |
| (૪) | ૨૭ | સાહેદ- ભરતજી શોભાજી ઠાકોરની જુબાની |
| (૫) | ૩૪ | તપાસ કરનાર અધિકારી- દેવસીંહભાઈ લક્ષમણભાઈની જુબાની |
| **ફરીયાદ પક્ષનો લેખીત પુરાવો** | | |
| **ક્રમ નં.** | **આંક** | **વિગત** |
| (૧) | ૧૩ | ફરીયાદની ખરી નકલ |
| (૨) | ૧૫ | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ |
| (૩) | ૧૬ | હથીયાર રીકવરી પંચનામાની ખરી નકલ |
| (૪) | ૧૭ | ફરીયાદીનુ ઈજાની સારવાર અંગેનું પ્રમાણપત્ર અસલ |
| (૫) | ૧૮ | ઈજા પામનાર સાહેદનું ઈજાની સારવાર અંગેનું પ્રમાણપત્ર અસલ |

(૪) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાની વિ.એ.પી.પી.શ્રીની મૌખીક રજુઆત બાદ, ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો જોતા ક્રિ.પો.કોડની કલમ ૩૧૩ મુજબનું આરોપીઓનું એફ.એસ. નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરેલ છે તેમજ બચાવના સાહેદ તપાસવા નથી તેવુ જણાવેલ અને સોગંદ પર જુબાની આપવી નથી તેવુ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, અમારી સામે ખોટો કેસ કરેલ છે. આમ, આરોપીઓનું વિશેષ નિવેદન નોંધ્યા બાદ કેસ પક્ષકારોની દલીલોના સ્ટેજ પર રાખવામાં આવેલ.

(૫) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની તેમજ બચાવપક્ષે મૌખીક દલીલો સાંભળી, તેમજ ઉપર જણાવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાના પરિપ્રેક્ષ્યમાં સદર કામે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–::મુદ્દાઓ::–**

મુદ્દા નં.૧ શુ ફરીયાદપક્ષ નિશંક પણે સાબીત કરે છે કે, આ કામના આરોપીઓએ બનાવ સમયે અને સ્થળે ફરીયાદીને ભુંડી ગાળો બોલી, આરોપી નં.૧નાએ સાહેદ ભરતજીને તેના હાથમાની લાકડી મોઢાના ભાગે ડાબી બાજુ ડોઘા પર મારી ફ્રેકચર કરી તેમજ આરોપી નં.૨નાએ તેના હાથમાની લાકડી સાહેદ શારદાબેનને ડાબા હાથ ઉપર મારી ફ્રેકચર કરી તથા આરોપી નં.૩ અને ૪ નાએ સાહેદ ભરતજી તથા સાહેદ શારદાબેનને આડેધડ ગડદાપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં આચરેલ છે?

મુદ્દા નં.૨ શુ હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણય અને કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં...

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ...

**–::કારણો::–**

(૭) નિર્ણય માટેના કારણો અને પુરાવાનું મુલ્યાંકન

**મુદ્દા નં.૧ અને ૨**

(૭.૧) ફોજદારી ન્યાયપ્રણાલીમાં મૂળભૂત સિદ્ધાંત એ છે કે ફરીયાદ પક્ષે પોતાનો કેસ આવા સદઢ અને વિશ્વસનીય પુરાવા પરથી સાબિત કરવો જોઈએ કે જેમાં કોઈ તર્કસંગત શંકાને

સ્થાન ન રહે. આરોપીને દોષિત જાહેર કરવા માટે કેસ એ રીતે પુરવાર થવો જોઈએ કે સામાન્ય બુદ્ધિ ધરાવતી વ્યક્તિ એવાં પુરાવા જોઈને નિષ્કર્ષ કાઢી શકે કે આરોપીએ જ ગુનો કર્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા અનેક ચુકાદાઓમાં પુષ્ટિ થયેલ છે કે ફોજદારી કેસોમાં દોષિતતા "beyond reasonable doubt" એટલે કે શંકા રહિત રીતે સાબિત થવી જરૂરી છે. માત્ર શક્યતા કે સંદેહના આધારે કોઈ વ્યક્તિને દોષિત ઠરાવી દેવું ન્યાયસંગત ગણાતું નથી. પુરાવા એવા હોવા જોઈએ કે જેમાંથી બીજો કોઈ નિષ્કર્ષ ઉપજતો જ ન હોય. જો કેસના પુરાવાઓમાં કોઈ ખોટ, વિસંગતિ કે સ્પષ્ટતા ન હોય, અથવા જો સાક્ષીઓના નિવેદનોમાં વિરોધાભાસ હોય, તો એ શંકા ઉભી કરે છે. એવું પણ ન્યાય પ્રસિદ્ધ છે કે દોષિત છૂટી જાય એ ચાલે પણ નિર્દોષને સજા ન થવી જોઈએ. આવો અભિગમ ન્યાયપ્રણાલીમાં નિર્દોષતા ના પાયા પર આધારિત છે. પરિસ્થિતિજન્ય પુરાવા હોય ત્યારે પણ એ સખત કસોટી પરથી પસાર થવો જરૂરી છે. દરેક કડી એવી હોવી જોઈએ કે અંતે એકમાત્ર નિષ્કર્ષ એ જ નીકળે કે આરોપી જ દોષિત છે. અદાલત દ્વારા કરવામાં આવનાર મુલ્યાંકનમાં જો કોઈપણ તર્કસંગત શંકા રહે છે તો તેનો લાભ આરોપીને આપવો ફરજિયાત છે. સંદર્ભરૂપે સુપ્રીમ કોર્ટનો Sharad Birdhichand Sarda v. State of Maharashtra (1984 AIR 1622) તથા Kali Ram v. State of Himachal Pradesh (1973 AIR 2773) જેવા કેસોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આરોપીની દોષિતતા સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે દ્રઢ અને વિશ્વસનીય પુરાવા આપવો જરૂરી છે.

(૭.૨) વધુમાં, ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપીઓ ઉપર બેસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી. પરંતુ આરોપીઓ ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય. તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબિત થયેલ ગણાય. હાલના કામે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ હોય, સદરહું કલમ અન્વયે આવશ્યક તત્વો મુજબનો ગુનો સાબિત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે.

**(૭.૩)** સદર કામે બચાવપક્ષ તરફથી આંક–૧૫ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ તેમજ આંક–૧૬ થી હથીયાર રીકવરી પંચનામુ તથા આંક–૧૭ થી ૧૮ વાળા ફરીયાદી તથા સાહેદ ભરતજીના મેડીકર સર્ટીફીકેટ નિખાલસ રીતે કબુલ રાખેલ છે. આંક–૧૫ વાળુ પંચનામુ વંચાણે લેતા તે હકીકત ફલીત થાય છે કે, સાહેદ શોભાજી નાગજીજી ઠાકોરના ખેતરમાં બનાવેલ રહેણાંક મકાનની આગળ ખુલ્લા ચોકમાં હાલના બનાવની જગ્યા આવેલ છે. તેમજ આંક–૧૮ થી રજુ થયેલ હથીયાર રીકવરી પંચનામુ વંચાણે લેતા આરોપી નં.૧ તથા આરોપી નં.૨નાએ લાકડી રજુ કરેલ હોવાનુ ફલીત થાય છે. જ્યારે આરોપી નં.૩ તથા ૪ નાઓ પાસેથી કોઈ ચીજ વસ્તુ કબજે કરેલ નહી હોવાની હકીકત ફલીત થાય છે પરંતુ આરોપીઓએ આ હથીયાર વડે ફરીયાદી અને સાહેદને માર મારેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી. તે જ રીતે આંક–૧૭ તેમજ આંક–૧૮ વાળા તબીબી પ્રમાણપત્ર વંચાણે લેવામાં આવે તો ફરીયાદી તેમજ સાહેદ ભરતજીને ઈજાઓ થયેલ છે. પરંતુ આ ઈજાઓ આરોપીઓ દ્વારા કરવામાં આવેલ છે તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૭.૪)** હવે, આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૧૨ થી સાહેદ શોભાજી નાગજીજી ઠાકોર, આંક–૧૪ થી ફરીયાદી શારદાબેન શોભાજી ઠાકોર, આંક–૨૧ થી પાયેલબેન વા.ઓ. ભરતજી શોભાજી ઠાકોર, આંક–૨૭ થી ભરતજી શોભાજી ઠાકોરનાઓએ સોગંદ પર કોર્ટ રૂબરૂ પુરાવો આપેલ છે. જેમાં સાહેદ ભરતજી શોભાજી (આંક–૨૭) ઈજા પામનાર સાહેદ છે જ્યારે અન્ય સાહેદો બનાવ નજરે જોનાર સાહેદ છે. આમ, ઉપરોક્ત તમામ સાહેદો હાથ પરના કેસમાં મહત્વના અને હીત ધરાવનાર સાહેદો છે.

**(૭.૫)** હવે, આ કામે તપાસેલ તમામ સાહેદોના પુરાવા વંચાણે લેવામાં આવે તો, સાહેદ શોભાજી નાગજીજી ઠાકોર(આંક–૧૨), ફરીયાદી શારદાબેન શોભાજી ઠાકોર(આંક–૧૪), પાયલબેન ભરતજી ઠાકોર(આંક–૨૧)વાળાનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, બનાવ સ્થળે અને સમયે આરોપીઓ સાથે માથાકુટ થયેલ હોવાનો પુરાવો આપેલ છે. પરંતુ આ બનાવમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનો પુરાવો આપે છે. વધુમાં, ઈજા અંગેનો મૌખીક પુરાવો લક્ષમાં લેવામાં આવે તો, બનાવ સ્થળે ઘણા માણસોનું ટોળુ ભેગુ થઈ જવાથી અને ધક્કા મુક્કી થવાથી ફરીયાદી તથા સાહેદને ઈજા થયેલ હોવાનો પુરાવો રેકર્ડ પર આવે છે. આમ, ઉપરોકત તમામ સાહેદો ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા કોઈ મહત્વની હકીકત જણાવેલ નથી. ઉલ્ટાનું બચાવપક્ષે થયેલ ઉલટતપાસ જોવામાં આવે તો ઉપરોક્ત તમામ સાહેદોએ

સ્વિકારેલ છે કે ફરીયાદી તથા સાહેદ ભરતજીને ધક્કા મુક્કીમાં નીચે પડી જવાથી ઈજાઓ થયેલ છે. તેમ પણ સ્વિકારેલ છે કે, બનાવ સમયે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. બનાવ સમયે આરોપીઓના હાથમાં કોઈ હથીયાર હતા નહી તેવી પણ સ્વિકૃતી કરેલ છે. આમ, ઉપરોક્ત તમામ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો આરોપીઓને ગુનામાં સાંકળી જવાબદાર ઠેરવવા જેટલો પુરાવો રેકર્ડ પર જણાવેલ નથી.

(૭.૬) વધુમાં, આંક-૨૭ થી તપાસેલ સાહેદ ભરતજી શોભાજી ઠાકોરનાઓનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, તેઓએ સરતપાસની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરવા પ્રય્તન કરેલ છે પંરતુ બચાવપક્ષે થયેલ ઉલટતપાસ જોવામાં આવે તો, તેઓએ સરતપાસમાં આવેલ પુરાવાથી તદ્દન વિપરીત હકીકતો રેકર્ડ ઉપર જણાવેલ છે. તેઓએ ઉલટતપાસમાં તે હકીકત સ્વિકારેલ છે કે, બનાવ સમયે મોટુ ટોળુ ભેગુ થઈ ગયેલુ અને તેમા તેઓ ધક્કા મુક્કીમાં નીચે પડી ગયેલા જેથી તેઓને ઈજાઓ થયેલી. તે હકીકત પણ સ્વિકારેલ છે કે, ઈજા કોણે કરેલી તે તેઓને ખબર નથી. વધુમાં, ઈજા અંગેની હીસ્ટ્રી તેઓએ ડોક્ટરશ્રીને લખાવેલ નથી. આમ, સદર સાહેદનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, આરોપીઓને ગુનામાં સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર જણાવેલ નથી.

(૭.૭) વધુમાં, ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવા તપાસ કરનાર અધિકારી દેવીસીંહભાઈ લક્ષમણભાઈનાઓએ આંક-૩૪ થી સોગંદ પર મૌખીક પુરાવો આપેલ છે. સદર સાહેદનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, વિધિવત રીતેનો મૌખીક પુરાવો રજુ કરેલ છે. સદર ગુનાની તપાસ તેઓએ સંભાળેલી અને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તેઓએ કરેલાનો પુરાવો આપેલ છે. વધુમાં, તપાસ કરનાર અધિકારીએ હથીયાર રીકવરીનું પંચનામુ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. વધુમાં, તેઓએ ઈજા પામનાર સાહેદના સારવાર કર્યા અંગેના પ્રમાણપત્ર મેળવી તપાસના કામે સામેલ રાખેલાનો પુરાવો આપેલ છે. પરંતુ અત્રે એ નોંધવુ આવશ્યક છે કે, હાથ પરના કેસમાં ફરીયાદી પોતે ઈજા પામનાર છે અને તેઓના પુરાવાથી તેમજ હકીકતના સાહેદોના પુરાવાથી જ આરોપીઓ સામેનો આક્ષેપીત કેસ શંકા રહીત પુરવાર કરી શકેલ ન હોય ત્યારે તપાસ કરનાર અધિકારીના વિધિવત રીતેના પુરાવાથી આરોપીઓપક્ષ પર આક્ષેપો પુરવાર કરવામાં મદદ મળી શકતી નથી. વધુમાં, આમ, તપાસ કરનાર અમલદારના વિધિવત રીતેના પુરાવાથી ફરીયાદપક્ષ આરોપીઓ સામે આક્ષેપીત ગુના મુજબનું કૃત્ય આરોપીઓએ આચરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં મદદ મળી શકતી નથી.

(૮) આમ, અત્રે ફરીયાદપક્ષે જે પુરાવો પડેલ છે તે સમગ્ર રીતે જોવામાં આવે તો, ફરીયાદપક્ષનો કેસ પ્રથમથી જ શંકા ઉપજાવી કાઢે તેવો જણાઈ આવે છે. આમ, જ્યારે હકીકતના સાહેદો થકી જ ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરાવાર કરી શકતા ન હોય ત્યારે શંકાનો લાભ આરોપીઓને જ મળવો જોઈએ તેવુ

કાયદાનું પ્રચલીત નિયમ છે. આમ, ફરીયાદપક્ષે આક્ષેપાયેલ ગુના સબંધીની કલમો તેમજ તેના તત્વો જોવામાં આવે તો ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૫, ૩૨૩, ૧૧૪ ના તત્વો આકર્ષીત થતા નથી તેવુ અદાલતનુ માનવુ છે.

(૯) વધુમાં, ભારતીય ફોજદારી ધારાની કલમ –૨૯૪(ખ) લક્ષમાં લેવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક પુરાવાઓથી કલમ ૨૯૪(ખ)ના તત્વો આકર્ષાતા હોય તેવુ જણાઈ આવતુ નથી તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના **N.S. Madhanagopal and Another v. K. Lalitha (2022)માં ઠરાવેલ છે કે,** The Supreme Court held that mere abusive, humiliating or defamatory words by itself cannot attract an offence under Section 294(b) of IPC but there must be further proof to establish that it was to the annoyance of others, which is lacking in the case. આમ, ફરીયાદપક્ષ ઈ.પી.કો. કલમ ૨૯૪(ખ) મુજબના આક્ષેપ ફરીયાદી તેમજ સાહેદોના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી.

(૧૦) આમ, ઉપરોક્ત કરેલ પુરાવાની ચર્ચા અને છણાવટના અંતે સદર અદાલતનું માનવુ છે કે, આ કામે ફરીયાદપક્ષ દ્વારા નિશંક પણે એ હકીકત સાબીત કરવામાં આવેલ નથી કે, આ કામના આરોપીઓએ બનાવ સ્થળે અને સમયે ફરીયાદીને તથા સાહેદને ગાળો બોલી, લાકાડાના ધોકાઓ વડે માર મારી તેમજ ગડદાપાટુનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ઈજા કરેલ હોય અને ગુનો કરવામાં એકબીજાની મદદગારી હોય. આમ, ફરીયાદપક્ષ પોતનો કેસ નિશંક પણે પુરવાર કરવામાં સફળ થયેલ ન હોવાનુ ઠરાવી મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–::આખરી હુકમ::–**

(૧) આ કામના આરોપીઓ (૧) સવાજી ઉમાજી ઠાકોર(મકવાણા), ઉ.વ.આ.૨૫, ધંધો–ખેતી, (૨) સરતાનજી ભેમાજી ઠાકોર(મકવાણા), ઉ.વ.આ.૩૮, ધંધો– ખેતી, (૩) ઉમાજી ભેમાજી ઠાકોર(મકવાણા), ઉ.વ.આ.૪૮, ધંધો–ખેતી, (૪) સોહનજી ઉર્ફે જવાનજી રઘુજી ઠાકોર(મકવાણા), ઉ.વ.આ.૨૦, ધંધો–ખેતી રહે.મંગળપુરા સીમ, તા.કાંકરેજ, જી.બનાસકાંઠાઓને ક્રી.પો.કોડની કલમ ૨૪૮(૧) મુજબ ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની(સુધારેલ)માં ઉમેરાયેલ કલમ–૪૩૭(એ)ની જોગવાઈ ધ્યાને લેતા આરોપીઓએ રૂ.૧૦,૦૦૦/–ના જામીન તેમજ તેટલીજ રકમના જાતમુચરકા રજુ કરવા અને રજુ રાખેલ

જામીન તથા જામીન ખત આ ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રહેશે અને બાદ આપો આપ રદ્દ થયેલ ગણાવામાં આવશે.

(૩) અપિલ સમય વિત્યે મુદ્દામાલ હથીયરનો નાશ કરવો.

ઠરાવ આજ રોજ તારીખ ૧૦મી ઓક્ટોબર સને ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

શિહોરી

(રિતેશ વિનોદકુમાર પટેલ)

તા.૧૦/૧૦/૨૦૨૫

જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, શિહોરી
કોડ નં.જી.જે.૦૧૬૮૬